## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના સર અમે કૌભાંડ કરીને પોપ્યુલર થયેલ બિલ્ડર નથી... અમે અમારા કામથી પોપ્યુલર થયેલા બિલ્ડર છીએ...!!

# કુડાસણ ખેડુતના નકલી પાનકાર્ડ-આધારકાર્ડ તૈયાર કરી જમીન પચાવી પાડવાનો કારસો

ગાંધીનગર, તા.૩

અમદાવાદના શખ્સે ગાંધીનગરના કુડાસણ ગામના ખેડુતની જાણ બહાર ડુપ્લીકેટ આધારકાર્ડ, ચુંટણીકાર્ડ અને પાનકાર્ડ બનાવી હડપ કરવાનો કારસો ઘડ્યો હતો. ત્યારે અમદાવાદના શખ્સ સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. આધારકાર્ડ અને ચુંટણી કાર્ડ ઘરે આવતા ખેડુતને સમગ્ર કાવતરાની ગંધ આવી ગઈ હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ દરબારવાસ ખાતે રહેતા ૬૩ વર્ષિય જીવણજી ગાંડાજી ચૌહાણની કુડાસણમાં વડીલો પાર્જીત જમીન આવેલી છે.જેમાં તેઓ ખેતી અને પશુપાલન કરી જીવન ગુજરાન ચલાવે છે.ગત તા.૧૦-૧૦-૨૨ ના રોજ ઘરે પોસ્ટમેન આવીને ટપાલ આપી ગયો હતો. જે ટપાલ ખોલીને જોતા જીવણજીના નામ સરનામુ આધારકાર્ડ અને પાનકાર્ડ હતા. જોકે તેમા ફોટો બીજા કોઈ વ્યકિતનો જોઈ ને જીવણજી ચોંકી ગયા હતા. જેથી તેઓએ ઓરીજીનલ પાનકાર્ડ, અને આધારકાર્ડ ટપાલમાં આવેલી આધારકાર્ડ અને પાનકાર્ડની સરખામણી કરતા આ ટપાલમાં આવેલા આધારકાર્ડ અને પાનકાર્ડ ખોટા હોવાનું જાણવા મળ્યું હતું. તેમ છતા આ અંગે તેમણે તપાસ કરતા ગામમાં અન્ય કોઈ ભળતા નામવાળી વ્યકિત છે કે નહી તેની ખાત્રી કરી હતી. ત્યારબાદ ખોટા આધારકાર્ડ અને પાનકાર્ડ લખેલ મોબાઈલ નંબર ઉપર ફોન કરતા બંધ આવ્યો હતો.જેથી વધુ તપાસ કરતા પાનકાર્ડની કીટમાં લખેલ મોંબાઈલ નંબર હાલમાં ભરતજી છનાજી ઠાકોર(રહે. મકાન સી-૫ પારંતી આવાસ નરોડા) ઉપયોગ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી માહિતી એકત્ર કરી રહ્યા હતા તે સમયે ઘરે ફરીથી એક ટપાલ આવી હતી. જેમાં જીવણજીનું ચુંટણી કાર્ડ હતુ. તેમાં પણ ફોટો અન્ય કાઈ શખ્સનો હતો. જેથી સરકારી કચેરીમાં જઈ તપાસ કરતા ખોટા આધારકાર્ડનો ઉપયોગ કરી ખોટુ ઈલેકશન કાર્ડ તૈયાર કરાવ્યું હોવાનુ સામે આવ્યું હતું. જેથી જીવણજીને અંદાજ આવી ગયો કે તેમની જમીન હડપ કરવાના ઈરાદે આ કાગળો ઉભા કરવામાં આવ્યા હતા. જયારે તેઓને જાણવા મળ્યુ કે ભરત છનાજી ઠાકોર સામે અમદાવાદના વિવિધ પોલીસ મથકે આધારકાર્ડ, ચુંટણીકાર્ડ અને પાનકાર્ડ ખોટા બનાવવાના ગુનામાં ઝડપાઈ ચુક્યો છે. જેથી જીવણજી ઠાકોરે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપને પગલે બપોરે નગરના રસ્તાઓ સુમસામ બની જાય છે.

● ગાંધીનગર શહેરના જુના સેક્ટરોમાં છેલ્લા કેટલાક વખતથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન માટેની ગાડીઓ અનિયમિત થઈ છે.

● દહેગામ વેપારી અપહરણકાંડમાં વધુ એક આરોપી પોલીસના સકંજામાં આવ્યો.

● ગાંધીનગર શહેરમાં રખડતા કુતરા કરડવાની ઘટનાઓ વધવા પામી છે.

● શહેરમાં વધતા જતા અકસ્માતોને લઈ આજે ડાયરેક્ટર ઓફ ટ્રાન્સપોર્ટ આજે જિલ્લાના અધિકારીઓની બેઠક લેશે.

● ઈ.શ્રમ કાર્ડ અંગે આજે કલેકટરના અધ્યક્ષપદે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

● ધારીસણા-રખિયાલ રોડની દુરસ્તી નહિ કરવામાં આવતાં લોકોમાં રોષની લાગણી જન્મી છે.

● રાંચરડા ગામની એક ઓરડીમાંથી રૂ. ૧.૬૫ લાખનો વિદેશી દારૂ પકડાયો છે.

● કલોલના ઉનાલી ગામેથી પણ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પોલીસે પકડી પાડ્યો છે.

● ઈન્ફોસીટી પોલીસે વિદેશી દારૂની ૪ બોટલ સાથે બે ઈસમોને દબોચી લીધા છે.

● સે. ૩ અને સે. ૨૫ ઉપરાંત ચિલોડામાંથી બાઈકચોરીની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

● ધાનોટ ગામે મારીકા એલોયેઝ કંપનીમાં ૨.૬૯ લાખ રૂ.ની મત્તાની ચોરીની ફરિયાદ નોંધાઈ છે.

● આજથી જયપુર, ક્વોટા અને ઈન્દોર જવા માટે અસારવાથી શરૂ થનારી ત્રણેય ટ્રેનોનું દહેગામ રેલ્વે સ્ટેશન પર સ્વાગત કરવામાં આવશે.

● ગાંધીનગરના લિમ્બડિયા ગામે જમીન માપણી મામલે જમીન માલિક પર હુમલો થયાની ફરિયાદ નોંધાઈ છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● ગાંધીનગર શહેરમાં કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનમાં આજે માત્ર ૧ લાભાર્થીનું વેક્સિનેશન થયુ હતુ.

# સેકટર-૨૭ વડીલ દંપતિએ ચાર બંગડીઓ ધોવડાવતા રૂ. ૨ લાખનુ સોનું કાઢી ઠગ ફરાર

ગાંધીનગર, તા.૩

શહેરના સેકટર-૨૭ એકતા કોલોની ખાતે રહેતા વૃધ્ધ દંપતિ તાંબાના લોટાની ચળકાટ જોઈ સોનાની ચાર તોલાની સોનાની ચાર બંગડીઓ ચકચકિત કરવા માટે આપી હતી. ત્યારે ઠગ શખ્સોએ બાઉલમાં બંગડીઓ મુકી લિકવીડ નાંખીને બે લાખની કિંમતનું સોનુ કાઢી લઈ પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે વૃધ્ધે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૭ એકતા કોલોની ખાતે રહેતા ૭૨ વર્ષિય રણજીતસિંહ પોપટજી ચાવડા અને તેમના પત્ની ગીતાબા ગત તા. ૧૨-૧૧-૨૨ ના રોજ ઘરે હાજર હતા. તે સમયે બે શખ્સો વાસણ ઘસવાનું વીમ લીકવીડ વેચવા ગયા હતા. ત્યારે ડેમો માટે રણજીતસિંહે તાબાનો લોટો આપ્યો હતો. આ લોટાને લિકવીડથી ચકચકિત કરી દીધો હતો. ત્યારે આ સમયે ગીતાબાએ હાથે પહેરેલ સોનાની ચાર બંગડીઓ સામે નજર કરીને કહેલુ કે વિમ લિકવીડથી બંગડીઓ સામે નજર કરી કહેલુ કે વિમ લિકવીડથી બંગડીઓ પણ ચમકાવી દઈશું. તાંબાના લોટાની ચમક જોઈ વડીલ દંપતિ તેમની વાતમાં આવી જઈને ચાર બંગડીઓ ધોવા માટે આપી હતી. ગઠીયાએ એક બાઉલમાં બંગડીઓ મુકી તેના પર લીકવીડ નાંખીને તેને દસેક મીનીટ સુધી ઘસીને ધોઈ હતી. ત્યારબાદ વીમના પાઉચ ઉપર બંગડીઓ મુકી હળદર જેવો પીળો પાઉડર નાંખીને કહેલ કે દસ મિનિટ જેટલુ સુકાવા દઈ પછી બંગડીઓ ઉપરથી પાઉડર સાફ કરજો એટલે બંગડીઓ ચમકશે તેમ કહી જતા રહ્યા હતા. જયારે દશ મિનીટ પછી પાઉડર સાફ કરીને ચેક કરતા બંગડીઓના વજનમાં ફેર જણાયો હતો. જેથી દંપતિને છેતરાયાનો અહેસાસ થયો હતો. બે ઠગની શોધખોળ કરવા છતા મળી આવ્યા ન હતા.જયારે ન્યુઝ પેપરમાં દાગીના ધોવાના બહાને શખ્સો પકડાયા હોવાનું વાંચીને સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.



કોરોના કાળમાં ધંધા-વ્યવસાયને ખૂબ મોટો ફટકો પડ્યો હતો. નાના ધંધાર્થીઓ માટે તો જાણે જીવવુ દુષ્કર બની ગયુ હતુ. ઉછીના-પાછીના કરીને નાના ધંધાર્થીઓ માંડ બેઠા થયા છે. હોલસેલ બજારોમાંથી ચીજવસ્તુઓ લઈને ફૂટપાથ પર બેસીને વેચાણ કરતા આ નાના ધંધાર્થીઓ મુસ્કેલ સમયમાંથી બેઠા થવાની ખુમારી દર્શાવી રહ્યા છે.

# વલાદ ગામની સીમમાંથી મોબાઈલ ટાવરમાંથી ૨૪ બેટરીઓની ચોરી

ગાંધીનગર,તા.૩

ગાંધીનગરના વલાદ ગામની સીમમાં સર્વે નં.૧૪૮-૨ વાળા ખેતરમાં મોબાઈલ ટાવરના આઉટડોર ક્રેઝનુ લોક તોડી તેમાંથી એકસાઈડ કંપનીની ૨૪ બેટરીઓની ચોરી થવા પામી છે. યુવકે રૂ.૨૪ હજારની બેટરી ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતીવિગત મુજબ અમદાવાદ ઘુમા ખાતે રહેતા જીતેન્દ્ર પરનાણીયા આર. એસ. સિક્યુરીટીમાં છેલ્લા ૧૦ વર્ષથી ફિલ્ડ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. જયારે સિક્યુરીટી કંપનીને ગાંધીનગર અમદાવાદ જિલ્લામાં ઈન્ડેકસ કંપનીના મોબાઈલ ટાવરની દેખરેખ રાખવાની જવાબદારી હોય છે. ગત તા.૨૮ જાન્યુઆરીના રોજ સાંજના સુમારે સુપરવાઈઝરનો ફોન આવ્યો હતો કે નાના ચિલોડા રીંગરોડ સર્કલ નજીક મોબાઈલ ટાવરની બેટરી ચોરી થઈ છે. ત્યાં જઈને તપાસ કરતા સર્વ નં.૧૪૮-૨ માં લગાવેલ ટાવરનુ આઉટડોર ક્રેઝનુ લોક તુટેલ હતું. અંદર જઈને તપાસ કરતા ૬૦૦ એમએચની ૨૪ બેટરીઓની ચોરી થવા પામી છે. જેની ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# અડાલજ ઓએનજીસીના વેલ પરથી એસી ડ્રાઈવની ચોરી

ગાંધીનગર, તા.૩

અડાલજ ગામની સીમમાં નર્મદા કેનાલ નજીકમાં આવેલ ઓએનજીસીના વેલ જી.એસ.-૩૫૭ ઉપર ફીટ કરેલી એસી ડ્રાઈવ જેની કિં.૨૦ હજારની ચોરી કરી ચોર શખ્સો લઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ભાડજ ખાતે રહેતા મનુભાઈ દેસાઈ પરિવાર સાથે રહે છે અને મહેસાણા પાલા વાસણા ચોકડી ખાતે બી.એસ.સી.સી. ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ.કંપનીમાં સુપર વાઈઝર તરીકે નોકરી કરે છે.

જયારે બીએસસીસી કંપનીને ઓએનજી સીનો કોન્ટ્રાકટ મળ્યો છે. આ કોન્ટ્રાકટમાં અમદાવાદ તેમજ મહેસાણા જિલ્લના વિસતારમાં આવેલા ઓન્એન જીસીના વેલ ઉપર વેલ રીપેરીંગ, મશીનરી ફીટીંગ તેમજ પેટ્રોલીંગ રાખવાનો કોન્ટ્રાકટ મળ્યો છે. જયારે ફરીયાદીની સુપર વાઈઝર તરીકેની નોકરીમાં દેખરેખ હેઠળ અડાલજ ગામ તેમજ ઉવારસદ અને મોટી આદરજ શેરથા ગામ આવે છે.

તાજેતરમાં અડાલજ ગામની સીમમાં નર્મદા કેનાલની નજીકમાં ઓએનજીસીના વેલ પર જીએસ.૩૫૭ ઉપરના એસી ડ્રાઈવ ચોરી થવા અંગે અરજી કરી હતી જે અંગે પુછતા જણાવ્યું હતુ કે પોર ગામના મોહનભાઈ દેસાઈ કે જેઓ અમારી બી. એસ. એસ. સી. કંપનીમાં ગાર્ડ તરીકે ફરજ બજાવે છે.

જેથી તેઓએ ગત તા.૨૯ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ મોબાઈલ ફોનમાં ૪.૪૦ નો વોટસએપ થી ઓએનજીસીના વેલ જીએસ-૩૫૭ ખાતે ફીટ કરેલા એસી ડ્રાઈવની ચોરી થવા પામી છે. અંદાજીત રૂ.૨૦ હજારની એસી ડ્રાઈવની ચોરી થતા પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### ચિલોડા ખાતે એ.ડી.સી. બેંક અને

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે નિ:શુલ્ક સીબીસી ટેસ્ટ કેમ્પ

**લીંબડીયા-૨૬, પ્રાંતિયા-૧૦૦, વલાદ-૧૦૩ અને ચિલોડા ૨૬૨ કુલ ૪૯૧ મહિલાઓએ લાભ લીધો**



ચિલોડા, તા. ૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકારીતા મંત્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક લી. અમદાવાદ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સમાજમાં મહિલાઓને પડતી આરોગ્યલક્ષી સમસ્યા અંગે જાગૃતિ કેળવવા અને પ્રશિક્ષણ આપવા બંને સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ૧૮ વર્ષથી ઉપરની મહિલાઓ માટે પ્રાથમિક જરૂરી પેથોલોજીકલ લેબોરેટરીનો સીબીસી ટેસ્ટ નિ:શુલ્ક કરવાનું આયોજન લીંબડીયા, પ્રાંતિયા, વલાદ અને ચિલોડા ખાતે ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે હિમોગ્લોબિન, વ્હાઈટ બ્લડસેલ, એમ.સી.વી., એમ.સી.એચ., પ્લેટલેટ્સ જેવા ટેસ્ટ દ્વારા એનિમીયા, શરીરમાં ઈન્ફેકશન, થેલેસેમીયા માઈનરનું પ્રમાણ ઓછુ હોય જેનું સમયસર નિદાન, પ્લેટલેટ્સ ઘટી જતાં લોહી ગંઠાવવાના અન્ય ફેક્ટરોની ઉણપ, ડેન્ગ્યુની શકયતા વગેરેનું સમયસર નિદાન ટેસ્ટ ચિલોડા સેવા સહકારી મંડળી અને ધી ચિલોડા દૂધ ઉત્પાદક મંડળી બંને સ્થળોએ બે ટીમ દ્વારા મહિલાઓનું પેથોલોજીકલ લેબોરેટરી સીબીસી ટેસ્ટ કરવામાં આવ્યા જેમાં આજે લિંબડીયા-૨૬, પ્રાંતિયા-૧૦૦, વલાદ-૧૦૩ અને ચિલોડા-૨૬૨ કુલ ૪૯૧ મહિલાઓએ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં ચિલોડા ગામના સરપંચ જયમીનભાઈ પટેલ, મંડળીના મંત્રી જયંતિભાઈ પટેલ, પી.એલ.વી. નટુભાઈ પટેલ, બેંક પ્રબંધક રાહુલભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, એ.એફ.સી. નોડલ ઓફિસર, બેંક સ્ટાફ વગેરેનો સાથ સહકારથી કેમ્પ સફળ બન્યો હતો.

# સેકટર-૨૪ માંથી શાઈન બાઈકની ચોરી

ગાંધીનગર,તા.૩

શહેરના સેકટર-૨૪ સત્યમ એપાર્ટમેન્ટ બ્લોક નં. એમ-૪૦ મકાન નં. ૪૭૫ ખાતે રહેતા ભાગવત મોહનભાઈ પંચાલનું શાઈન બાઈકની ચોરી થવા પામી છે. ભાગવત પંચાલ સેકટર-૨૫ અમુલ ડેરી નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. યુવક પાસે શાઈન બાઈક નં.જી. જે.૧૮. ડીડી.- ૮૬૩૧ છે. ગત તા.૨૭ ફેબ્રુઆરીના રોજ સાંજના સમયે બાઈક લઈને ખરીદી કરવા માટે યુવક ગયો હતો. જયારે સાંજે સાત વાગે યુવકે ઘરે પરત આવી બાઈક ખુલ્લી જગ્યામાં પાર્કીગ કરી મુક્યું હતું. બીજા દિવસે સવારે ૭ વાગે મારે નોકરી જવાના સમયે બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી બાઈકની આસપાસના સેકટરોમાં શોધખોળ આદરી હતી.પરંતુ બાઈક અંગે કોઈ માહિતી મળી ન હતી.

જેથી યુવકે રૂ.૪૦ હજારના બાઈકચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.



માં મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સી દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાળકોના વોર્ડમાં પ્રસૂતિગૃહની મહીલાઓને સંતરા, દ્રાક્ષ, ખજૂર અને પારલેજીના પેકેટ અને સીંગ-ચણાનું વિતરણ મહીલા મંડળની બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# બાપૂ ગુજરાત નોલેજ વિલેજ ખાતે સ્પોર્ટસ વિકની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૩

વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે તંદુરસ્ત જીવન જીવવાની તેમજ તેમનામાં રહેલી આંતરિક શક્તિઓનો વિકાસ થાય તે માટેની તાલીમ આપવાના હેતુથી બાપુ કેમ્પસ ખાતે તા. ૨૭, ફેબ્રુઆરીથી ૩ માર્ચ સુધી સ્પોર્ટસ વીકનું આયોજન કરવામાં આવ્યું.

આ સ્પોર્ટસ વીક દરમ્યાન કેમ્પસમાં રહેલા તમામ વિદ્યાર્થીએ ઉત્સાહ સાથે ભાગ લઈ એની ભવ્ય ઉજવણી કરી હતી.

આ સ્પોર્ટસ વીકમાં ઈન્ડોર તેમજ આઉટડોરની ઘણી બધી ગેમ્સનું આયોજન કર્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓને વિનર અને રનરપ જાહેર કરી સર્ટિફિકેટથી સન્માનિત કર્યા હતા.

# કૃષિ વૈજ્ઞાનિકો પ્રાકૃતિક કૃષિક્ષેત્રે નૂતન સંશોધનો કરી કૃષિ સમૃદ્ધિનો નવો માર્ગ કંડારે : રાજયપાલશ્રી




ગાંધીનગર, તા.૦૩

નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે અઢારમો પદવીદાન સમારોહ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં યોજાયો હતો. તેમની સાથે ગુજરાત રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતાં. રાજય પાલઆચાર્ય દેવવ્રતજીએ નવસારી કૃષિ યુનિવર્સિટીના ૧૮ મા દીક્ષાંત સમારોહમાં પદવીધારક યુવાઓને શુભકામના પાઠવી કૃષિ વૈજ્ઞાનિકોને આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, કૃષિ વૈજ્ઞાનિકો પ્રાકૃતિક કૃષિક્ષેત્રે નૂતન સંશોધનો કરી કૃષિ સમૃદ્ધિનો નવો માર્ગ કંડારે. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સબળ નેતૃત્વમાં કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે સમયની માંગ અને પડકારોને મૂલવી પરિવર્તન માટે સજ્જ થવું પડશે. રાસાયણિક કૃષિના દુષ્પરિણામો સામે આવી રહયાં છે. રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના અંધાધુંધ ઉપયોગથી જળ, જમીન અને પર્યાવરણ પ્રદુષિત થઈ રહયાં છે. જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. કૃષિ ખર્ચ સતત વધી રહયો છે અને ઉત્પાદન ઘટતું રહયું છે. જેના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે.

ખેતી અને ખેડૂતની સમૃદ્ધિ માટે રાસાયણિક કૃષિના વિકલ્પને શોધવો આજના સમયની માંગ છે, ત્યારે પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે અપનાવવાથી કૃષિક્ષેત્રે નવી ક્રાંતિ આવશે.

તેમણે સમર્થ અને સશકત રાષ્ટ્રનાં નિર્માણમાં સહયોગી બનવા અનુરોધ કર્યો હતો.

# શાળા દ્વારા ટ્રસ્ટને આભાર દર્શન વ્યક્ત કરતો મોમેન્ટો અર્પણ




ગાંધીનગર, તા.૦૩

શ્રી હનુમાનજી મંદિર સેવા ટ્રસ્ટ દ્વારા શ્રી કેળવણી મંડળ સંચાલિત એમ. એચ. વિદ્યામંદિર, ડભોડામાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ દરેક ઋતુમાં બેસી શકે તેવો મહંત શ્રી પ્રભુદાસજી મહારાજ પ્રાર્થના હોલનું નિર્માણ, RO પ્લાન્ટ સાથેની ઠંડા પાણીની પરબ અને શાળાનું કલરકામની સેવા પૂરી પાડવા બદલ શ્રી હનુમાનજી મંદિર સેવા ટ્રસ્ટનો શ્રી કેળવણી મંડળ તથા શ્રી એમ. એચ. વિદ્યામંદિર, ડભોડા શાળા પરિવાર તરફથી આભાર દર્શન વ્યક્ત કરતો મોમેન્ટો અર્પણ કરાયો.

# ડભોડા સ્કુલમાં ધોરણ૧૦ અને૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ

ગાંધીનગર, તા.૦૩

આજ રોજ શ્રી એમ. એચ. વિદ્યામંદિર, ડભોડામાં ધોરણ ૧૦ નો શુભેચ્છા તેમાં ધોરણ ૧૨ નો વિદાય પ્રસંગ યોજાઈ ગયો. આ પ્રસંગે શ્રી કેળવણી મંડળના પ્રમુખશ્રી , મંત્રી શ્રી તેમજ સૌ સદસ્યો, શ્રી હનુમાન મંદિર, ડભોડા ટ્રસ્ટી મંડળ, ગામના સરપંચશ્રી, તેમજ શાળા પરિવાર સૌ ઉપસ્થિત હતા. જેમાં પ્રમુખશ્રી હસમુખભાઈ કે. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ આપી પ્રેરણા દાયી શબ્દો દ્વારા મનોબળ પૂરું પાડયું. આ ઉપરાંત હનુમાન મંદિર ટ્રસ્ટીશ્રી દ્વારા બાળકોને જીવનમાં હકારાત્મક લક્ષી માહિતી પૂરી પાડી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવામાં આવ્યો.. સાથે સાથે આજે વિદ્યાર્થીઓને જીવનમાં માર્ગદરશનરૂપ માહિતી વક્તાશ્રી ડૉ. કનુભાઈ વસાવા (એસોસિયેટ



પ્રોફેસર સાદરા વિદ્યાપીઠ), શ્રી નટુભાઈ ચૌધરી (ઈ.આચાર્ય શ્રી દવે હાઈસ્કૂલ દહેગામ), મોટી વેશનલ સ્પીકર શ્રી ચીમનભાઈ પ્રજાપતિ દ્વારા સરસ પ્રેરણાદાઈ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માહિતી પૂરી પાડવામાં આવી તેમજ જીવનને હકારાત્મકલક્ષી બનાવવાની પ્રેરણા પૂરી પાડવામાંઆવી આ ઉપરાંત શાળાના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.વિનોદકુમાર બી પાંડે દ્વારા પણ શાળા દરમિયાન થયેલી પ્રવૃત્તિઓને વાચા આપી વિદ્યાર્થીઓને બિરદાવ્યા ... આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકશ્રી હરેશભાઈ ખાચર દ્વારા કરવામાં આવ્યું..

શાળાના સમગ્ર સ્ટાફ પરિવાર તેમજ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો દ્વારા સમગ્ર કાર્યક્રમને સુંદર બનાવવામાં આવ્યો અને છેલ્લે શાળાના વ્યાયામ શિક્ષકશ્રી દલસંગભાઈ ચૌધરી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો